આવતીકાલે દિલ્હીમાં મતદાન

ચોથીએ મતદાન થશે : છેલ્લા દિવસે તમામ પક્ષોએ તાકાત લગાવી : દિલ્હીમાં ૨૫થી વધુ રેલીઓ તેમજ ડઝન રોડ શો યોજીને મતદારોને પ્રભાવિત કરવા માટે પ્રયાસો : જોરદાર ગરમી

નવી દિલ્હી,તા. ૨

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી માટે ચૂંટણી પ્રચારનો આજે અંત આવી ગયો હતો. હવે ચોથી ડિસેમ્બરના દિવસે મતદાન યોજાશે. દિલ્હીમાં ૧૭વિધાનસભા બેઠકો માટે ચોથીએ મતદાન યોજાનાર છે. આજે સાંજે પાંચ વાગ્યે ચૂંટણી પ્રચારનો અંત આવી ગયા બાદ રાજકીય પક્ષો હવે ઘેર ઘેર જઈને પ્રચારમાં વ્યસ્ત બનશે. પ્રચારના છેલ્લા દિવસે ભાજપ અને કોંગ્રેસ તથા આમ આદમી પાર્ટીના નેતાઓએ તમામ તાકાત લગાવી દીધી હતી. જુદી જુદી જગ્યાઓએ વિવિધ રેલીઓ યોજાઈ હતી. ચૂંટણી માટેની તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. ભાજપ તરફથી અડવાણી, નરેન્દ્ર મોદી, સુષ્મા સ્વરાજ સહિતના તમામ નેતાઓએ જવાબદારી સંભાળી હતી. નીતિન ગડકરી, હેમુલ્લા, વિનોદ ખન્ના, રવિશંકર પ્રસાદ, સિદ્ધુએ રેલીઓ સંબોધી હતી. શિલા દિક્ષિતે સાત રેલીને સંબોધી હતી.

ચોથી ડિસેમ્બરના દિવસે મતદાન યોજાનાર છે. આને લઈને ભાજપ અને કોંગ્રેસ તથા આમ આદમી પાર્ટી સહિત તમામ રાજકીય પક્ષો પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. આજે ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે તમામ સ્ટાર પ્રચારકોએ ચૂંટણી સભામાં ભાગ લઈને મતદારોને પ્રભાવિત કરવાના છેલ્લી ઘડીના પ્રયાસો કર્યા હતા. આજે સાંજે ૫.૩૦વાગે ચૂંટણી પ્રચારનો અંત આવ્યો હતો. દિલ્હીના જુદા જુદા વિસ્તારોમાં પ્રચારના છેલ્લા દિવસે આજે મોટી સંખ્યામાં રેલીઓ અને રોડ શોનું આયોજન કરવામાં આવ્યું હતુ. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી, બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર, દિલ્હીના મુખ્યમંત્રી શિલા દિક્ષીત અને બહુજન સમાજ પાર્ટીના નેતા માયાવતી સહિતના ટોપ લીડરો રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં હતા અને ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત હતા. ગઈકાલે રાજસ્થાન વિધાનસભાની ચૂંટણી માટે ૭૪ ટકા જેટલી રેકોર્ડ મતદાન થયા બાદ દિલ્હીમાં પણ ઊંચા મતદાન થવાની પણ શક્યતા દેખાઈ રહી છે. બસપના વડા માયાવતી પણ શ્રેણીબદ્ધ રેલીઓ યોજી હતી. ભાજપ અને આમ આદમી પાર્ટીના લીડરો પણ ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત બનેલા હતા.

રતનગઢ મંદિર ભાગદોડમાં આખરે સીબીઆઈ ચકાસણી શરૂ

ભોપાલ,તા. ૨

કેન્દ્રિય તપાસ બ્યુરો અથવા તો સીબીઆઈએ દાતા જિલ્લામાં રતનગઢ મંદિરમાં મચેલી ભાગદોડના મામલામાં તપાસ હાથ ધરી છે. રતનગઢ મંદિરમાં મચેલી ભાગદોડમાં ૧૧૫ લોકોના મોત થઈ ગયા હતા અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હતા. આ બનાવ ૧૩મી ઓક્ટોબરના દિવસે બન્યો હતો. ડેપ્યુટી સુપ્રીટેન્ડેન્ટ ઓફ પોલીસ કેએસ નેગીના નેતૃત્વમાં સીબીઆઈની ત્રણ સભ્યની ટીમ ગઈકાલે જ દાતિયા પહોંચી ગઈ હતી અને એફઆઈઆર અને અન્ય વિગતો પોલીસ સ્ટેશનમાંથી મેળવી હતી.

મધ્યપ્રદેશ હાઈકોર્ટે રતનગઢ મંદિર ભાગદોડ બનાવમાં ૧૨મી નવેમ્બરના દિવસે સીબીઆઈ તપાસનો આદેશ કર્યો હતો. જાહેરહીતની અરજી દાખલ કરવામાં આવ્યા બાદ સીબીઆઈ તપાસનો આદેશ કરાયો હતો. જાહેરહીતની અરજીમાં સીબીઆઈ તપાસ કરવા રજુઆત કરવામાં આવી હતી. જસ્ટિસ એસકે ગાંગલે અને જસ્ટિસ જીડી સકસેનાની બનેલી મધ્યપ્રદેશ હાઈકોર્ટની બેંચે ઠેરવ્યુ હતુ કે આ ખૂબજ જટિલ સ્થિતિ છે. પોતાની વિશ્વસનીયતા સાબિત કરવા સીબીઆઈ આમાં તપાસ કરે તે જરૂરી છે. બંધારણની કલમ ૨૧ હેઠળ લોકોના મૂળભૂત અધિકારીને ધ્યાનમાં લઈને તપાસ કરવામાં આવે તે જરૂરી છે. દરમિયાનમાં કેન્દ્ર સરકારે દાતિયાના તત્કાલિન કલેક્ટર સંકેત ભોંડવેના સસ્પેન્સનને દૂર કરવા નિર્ણય કર્યો છે. તેમની સામે આરોપોને સમર્થન ન મળતા આ નિર્ણય લેવામાં આવ્યો છે. મધ્યપ્રદેશના દાંતિયા મંદિર ભાગદોડ બનાવવામાં સેંકડો લોકોના મોત થયા બાદ આ બનાવને લઈને દેશભરમાં હોબાળો રહ્યો હતો. આખરે તપાસ શરૂ થતા ઘણા દિવસથી ચાલી રહેલી અટકળનો અંત આવ્યો છે. આ બનાવને લઈને વિરોધ પક્ષોએ પણ ભારે ધાંધલ ધમાલ મચાવી હતી જેથી નવેમ્બર મહિનામાં સીબીઆઈ તપાસનો આદેશ કરાયો હતો.

ડિસઈન્વેસ્ટમેન્ટને આગળ વધારવા મામલે ટૂંકમાં મિટિંગ

નવી દિલ્હી,તા. ૨

સરકારની ઉંચ હરામ કરી ચુકેલા ફિસ્કલ રેફિસિટને કાબૂમાં રાખવાની કટિબદ્ધતા દર્શાવીને વડાપ્રધાન મનમોહનસિંહે આવતીકાલે ઉચ્ચસ્તરીય બેઠક બોલાવી છે જેમાં ડિસઈન્વેસ્ટમેન્ટને વધુ ઝડપી બનાવવાના મુદ્દા પર ચર્ચા વિચારણા કરવામાં આવશે. ડિસઈન્વેસ્ટમેન્ટની દિશામાં આગળ વધવા માટે સરકારે કમર કસી લીધી છે. વર્તમાન નાણાંકીય વર્ષમાં ૪૦૦૦૦ કરોડના અંદાજપત્રીય ટાર્ગેટને હાંસલ કરવાના હેતુસર ડિસઈન્વેસ્ટમેન્ટ કાર્યક્રમને હવે વધુ ઝડપી બનાવવામાં આવશે. સૂત્રોના જણાવ્યા મુજબ આ બેઠકમાં નાણાં પ્રધાન પી ચિદમ્બરમ અને અન્ય સંબંધિત પ્રધાનો ઉપસ્થિત રહેશે. વડાપ્રધાન ડિસઈન્વેસ્ટમેન્ટ સમીક્ષા કરવાનો હેતુ ધરાવે છે. કોલ ઈન્ડિયા, ભેલ, હિન્દુસ્તાન ઝીંક અને બાલ્કો સાથે સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. સરકાર

વર્તમાન નાણાંકીય વર્ષમાં પીએસયુમાં લઘુમતિ હિસ્સો વેચીને ૪૦ હજાર કરોડ રૂપિયા ઉભા કરવાનો ટાર્ગેટ ધરાવે છે. વર્તમાન નાણાંકીય વર્ષમાં આઠ મહિના પુરા થઈ ચુક્યા છે પરંતુ હજુ સુધી માત્ર ૧૩૨૫ કરોડ રૂપિયા ઉભા થઈ ચુક્યા છે. છ પીએસયુ કંપનીમાં હિસ્સોવેચીને આ રકમ ઉભી કરવામાં આવી છે. આવતીકાલે યોજાનારી બેઠકમાં કોલસા પ્રધાન શ્રીપ્રકાશ જયસ્વાલ, હેવી ઈન્ડસ્ટ્રીઝ પ્રધાન પ્રફુલ પટેલ, ખાણપ્રધાન દિનશા પટેલ, ઉપસ્થિત રહેશે.

કોલ ઈન્ડિયામાં હિસ્સેદારી વેચવાનો નિર્ણય અધ્યરતાલ છે કારણ કે ઘણા વેપારી યુનિયનો તરફથી જોરદાર વિરોધ કરવામાં આવી ચુક્યો છે. આ ઉપરાંત ભેલમાં ડિસઈન્વેસ્ટમેન્ટની પ્રક્રિયા પણ અટવાઈ પડી છે કારણ કે બજારમાં સ્થિતિ સાનુકૂળ દેખાઈ રહી નથી. કંપનીના શેરની કિંમત ૨૦૧૧માં ડિસઈન્વેસ્ટમેન્ટને મંજુરી અપાયાબાદથી સતત ઘટી છે. સરકારે કોલ ઈન્ડિયા લિમિટેડમાં ૧૦ ટકા હિસ્સો વેચવા શરૂઆતમાં યોજના બનાવી હતી પરંતુ વિરોધ પક્ષો તરફથી જોરદાર વિરોધના લીધે આ હિસ્સેદારી ૧૦ ટકાના બદલે પાંચ ટકા કરવાનો નિર્ણય કરાયો હતો અથવા તો૩૧.૫૮ કરોડ શેર વેચવાનો નિર્ણય લેવાયો હતો. ૨૦૪.૩૦ રૂપિયાની વર્તમાનશેર કિમતની દ્દષ્ટિએ સીઆઈએલની હિસ્સેદારી વેચવાથી સરકારને ૮૬૦૦ કરોડ રૂપિયા મળી શકે છે. સીઆઈએલમાં સરકારની હિસ્સેદારી હાલમાં ૯૦ ટકાની આસપાસ છે. પાંચ ટકા હિસ્સો અથવા તો ૮.૨૮ કરોડના શેર વેચીને ભેલમાં પણ ડિસઈન્વેસ્ટમેન્ટની યોજના છે. ભેલના શેરની કિંમત હાલ ૧૫૮.૪૦રૂપિયા છે. આનાથી સરકારને ૧૩૦૦ કરોડ રૂપિયા મળશે. આવી જ રીતે હિન્દુસ્તાન ઝીંક લિમિટેડમાં સરકાર હાલ ૨૯.૫ ટકા હિસ્સો ધરાવે છે. બાલ્કોમાં ૪૯ ટકા હિસ્સો ધરાવે છે. ડિસઈન્વેસ્ટમેન્ટના ટાર્ગેટને પહોંચી વળવા સરકાર બનતા તમામ પ્રયાસ કરી રહી છે.

પાંચ કલાક લાંબી પુછપરછ

તરૂણ તેજપાલના પોટેન્સી અને બ્લડ ટેસ્ટ પણ કરાયા

નવી દિલ્હી,તા. ૨

મહિલા પત્રકાર પર બળાત્કારના આક્ષેપોનો સામનો કરી રહેલા આરોપી તહેલકાના પૂર્વ એડિટર તરૂણ તેજપાલના પોટેન્સી ટેસ્ટ કરવામાં આવ્યા છે. ગોવા પોલીસે આજે તેજપાલને લઈને ગોવા મેડિકલ કોલેજમાં પહોંચી હતી જ્યાં પુરુષ ક્ષમતાની ચકાસણી કરવામાં આવી હતી. પોલીસ તેજપાલને એ ફાઈવસ્ટાર હોટલમાં પણ લઈ જવાની તૈયારી કરી રહી છે જ્યાં મહિલા પત્રકારે તેના પર



બળાત્કારનો આક્ષેપ કર્યો છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તેજપાલને તેમના પર મુકવામાં આવેલા આક્ષેપોની ચકાસણી કરશે ૫૦ વર્ષીય તેજપાલને ગઈકાલે છ દિવસ માટે પોલીસ રિમાન્ડ પર મોકલી દેવામાં આવ્યો હતો. ક્રાઈમ બ્રાંચના અધિકારીઓએ ગઈકાલે બપોરે ત્રણ વાગ્યા સુધી તેમની આકરી પુછપરછ કરી હતી. આ પુછપરછ આશરે પાંચ કલાક સુધી ચાલી હતી. તેજપાલની પુછપરછ કરનારાઓમાં અધિકારી સુનિતા સાવંત પણ હતા. એવું જાણવા મળ્યુ છે કે પુછપરછ દરમિયાન તેજપાલ ભાંગી પડયા હતા. પુછપરછના તબક્કા પાદ તેજપાલને ફરી પણજી પોલીસ સ્ટેસનના લોકઅપમાં લઈ જવામાં આવ્યા હતા. મહિલા પત્રકારે તેજપાલ પર આક્ષેપ કર્યો છેકે ગોવાની એક ફાઈવસ્ટાર હોટલમાં સાત અને આઠમી નવેમ્બરે બે વખત તેના પર બળાત્કાર કર્યો હતો. તેજપાલના પોટેન્સી ટેસ્ટ ઉપરાંત બ્લડ ટેસ્ટ પણ કરવામાં આવ્યા હતા.

જટિલ તેલંગાણા પ્રશ્ને આજે કેબિનેટની મહત્વની મિટિંગ

નવી દિલ્હી,તા. ૨

તેલંગાણા અંગે મુસદ્દા બિલ પર ચર્ચા કરવા આવતીકાલે મંગળવારે કેન્દ્ર દ્વારા કેન્દ્રિય કેબિનેટની ખાસ બેઠક બોલાવવામાં આવી છે જેમાં આ મુદ્દા પર અંતિમ નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે. કેન્દ્રિય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેએ કહ્યુ છેકે તેલંગાણા મુદ્દા પર ચર્ચા કરવા આ બેઠક બોલાવવામાં આવી છે. પાંચમી ડિસેમ્બરથી સંસદનું શિયાળુ સત્ર શરૂ થઈ રહ્યુ છે ત્યારે આ ખાસ બેઠક યોજાઈ રહી છે. શિંદેએ કહ્યુ હતુકે તેલંગાણા બિલ સંસદમાં રજુ કરવામાં આવનાર છે. આ બેઠક દરમિયાન કેન્દ્રિય કેબિનેટ હૈદરાબાદના દરજ્જા અંગે વાત કરશે. આંધ્રપ્રદેશના વિભાજન બાદ હૈદરાબાદ શહેરને કેન્દ્ર શાસિત પ્રદેશ બનાવવામાં આવે કે પછી તેલંગાણા અને આંધ્રપ્રદેશના સંયુક્ત પાટનગર તરીકે રાખવામાં આવે તે અંગે નિર્ણય લેવામાં આવશે. શરૂઆતમાં એવો નિર્ણય લેવાયો હતો કે ૧૦ વર્ષ સુધી હૈદરાબાદને તેલંગાણા અને આંધ્રપ્રદેશના સંયુક્ત પાટનગર તરીકે ગણવામાં આવશે.

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન કિરણકુમાર રેડ્ડી સહિત જુદા જુદા વર્ગો તરફથી તીવ્ર મતભેદ અને વિવાદના પરિણામ સ્વરૂપે આ નવી હિલચાલ હાથ ધરવામાં આવી છે. અલગ તેલંગાણા રાજ્યની રચનાને લઈને મુખ્યમંત્રી કિરણકુમાર રેડ્ડી પણ નાખુશ દેખાઈ રહ્યા છે. રેડ્ડી આંધ્રના વિભાજનનો પણ વિરોધ કરી રહ્યા છે. રાજ્યના કેટલાક સાંસદની સાથે રેડ્ડીએ એવી ધમકી પણ આપી છે કે જો નવા રાજ્યની રચના કરાશે તો તેઓ રાજીનામુ આપી દેશે. ગયા મહિને કોંગ્રેસ કોર કમીટીની બેઠખ મળી હતી જેમાં ગ્રુપ ઓફ મિનિસ્ટર્સ દ્વારા તૈયાર કરવામાં આવેલા તેલંગાણા બિલવે લીલીઝંડી આપવામાં આવી હતી. દરમિયાન સુત્રોએ દાવો કર્યો છે કે રાયલસીમા પ્રદેશમાંથી વધુ બે જિલ્લાઓ તેલંગાણાનો હિસ્સો બનાવવામાં આવશે કારણ કે કેન્દ્ર સરકાર સરહદ ફરી નક્કી કરવા વિચારી રહી છે. દરમિયાન તેલુગુદેશમ પાર્ટીના પ્રમુખ ચંદ્રબાબુ નાયડુ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને મળવાની યોજના ધરાવે છે.

ઓરિસ્સામાં બે મહિલા બંડખોરોની શરણાગતિ

મલ્કાનગીરી,તા. ૨

ઓરિસ્સાના મલ્કાનગીરી જિલ્લામાં પોલીસ સમક્ષ બે માઓવાદી મહિલાઓએ આજે શરણાગતિ સ્વીકારી લીધી હતી. આ મહિલા માઓવાદીઓએ તેમના સિનિયરો દ્વારા વ્યાપક ત્રાસ ગુજારવાનો આક્ષેપ કર્યો છે. પોલીસ અધિકારી પ્રમોદ કુમારે માહિતી આપતા કહ્યુ છે કે મહિલા માઓવાદીઓએશરણાગતિ સ્વીકારી છે કારણ કેતેમના સિનિયરોના વર્તનથી આ બંને મહિલાઓ પરેશાન હતી. ખાવા પીવાની ચીજવસ્તુઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવતી ન હતી. આ બે માઓવાદીઓ જુદા જુદા કાર્યક્રમો અને સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં સામેલ હતા. આ વિસ્તારના યુવાનોને તેમની તરફ આકર્ષિત કરવાનો મહિલાઓનો મુખ્ય હેતુ હતો.

ધોનીના નેતૃત્વમાં ભારતીય ટીમ આફ્રિકા પ્રવાસે રવાના

મુંબઈ,તા. ૨

કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયા આજે દક્ષિણ આફ્રિકા જવા રવાના થઈ હતી. આની સાથે જ આફ્રિકન સફારી માટેનો તખ્તો ગોઠવાઈ ચુક્યો છે. ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે પાંચમી ડિસેમ્બરે જોહાનિસબર્ગમાં પ્રથમ વનડે સાથે શ્રેણીની શરૂઆત થશે. બંને ટીમો માટે આ જંગ પ્રતિષ્ઠા સમાન રહેશે. એક બાજુ ભારતીય ટીમ વેસ્ટઈન્ડિઝને હાર આપ્યા બાદ મજબુત ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે જ્યારે બીજી બાજુ ઘરઆંગણે આફ્રિકન ટીમ જીતવાના નિર્ધાર સાથે ઉતરશે. આફ્રિકાની તાજેતરમાં વનડે શ્રેણીમાં પાકિસ્તાન સામે હાર થઈ હતી તે જોતા આફ્રિકાની ટીમ પર દબાણ વધી ગયુ છે. પાંચમી ડિસેમ્બરે પ્રથમ વનડે રમાયા બાદ ૮મીએ બીજી અને ૧૧મીએ ત્રીજી વનડે મેચ રમાશે ત્યારબાદ બે ટેસ્ટમેચોની શ્રેણી શરૂ થશે. ૧૬ સભ્યની ભારતીય ટીમ આજે મુંબઈથી રવાના થઈ હતી આ ટીમમાં વનડે સ્પેશિયાલિસ્ટ યુવરાજસિંહ, સુરેશ રૈના, મોહિત શર્મા અને અમિત મિશ્રાનો પણ સમાવેશ થાય છે. જ્યારે ટેસ્ટ ટીમમાં ૧૭ ખેલાડીઓ રહેશે. ભારતીય ટીમમાં તમામ સ્ટાર ખેલાડીઓ દેખાઈ રહ્યા છે જેમાં શિખર ધવન, રોહિત શર્મા, વિરાટ કોહલી, યુવરાજસિંહ, રવિન્દ્ર જાડેજાનો સમાવેશ થાય છે. શિખર ધવન, રોહિત શર્મા અને વિરાટ કોહલી હાલમાં જ જોરદાર ફોર્મમાં ચાલી રહ્યા છે તે જોતા ટીમ ઈન્ડિયાને રાહત થયેલી છે. આ ઉપરાંત કેપ્ટન ધોની પોતે પણ શાનદાર ફોર્મમાં છે. આ તમામ ખેલાડીઓની આફ્રિકાની ઝડપી વિકેટ પર આકરી કસોટી થનાર છે.

સમાચાર ઝલક

- ♥ દક્ષિણ આફ્રિકામાં ભારતીય ક્રિકેટ ટીમ પમી ડિસેમ્બરે પ્રથમ વનડે મેચ રમશે.
- ♥ દિલ્હીમાં ચૂંટણી પડઘમ શાંત થયા, ૪થી તારીખે ચૂંટણી યોજાશે.
- ♥ કાનપુરમાં રેલ્વે સ્ટેશનનાં પ્લેટફોર્મ પર મહિલા ટ્રેનના પાટા નીચે ફસાઇ જતાં કરૂણ મોત.
- ♥ બારેજામાં આંખની સારવારમાં ૮ લોકોએ આંખો ગુમાવી.
- ♥ અનંતપુરમાં હત્યાનાં આરોપીને જાહેરમાં ધોલાઇ કરતાં મહિલા પોલીસ અધિકારી ટીવી કેમેરે કેદ થયા.
- ♥ જૂનાગઢમાં એચ.આઇ.વી. બાબતની સી.બી.આઇ. ૨૦મી વખત તપાસ માટે પહોંચી, હોસ્પિટલમાં પડાવ.
- ♥ મધ્યપ્રદેશ હાઇકોર્ટ લીવ ઇન રીલેશનશીપમાં બીજી સ્ત્રીને રાખવાની મંજૂરી આપી. ૧૫-૧૫ દિવસ રહેશે.
- ♥ શેરબજારમાં તેજીની આગેકૂચ
- ♥ આણંદમાં માર્ગ અકસ્માતમાં ૯ વ્યક્તિઓનાં મોત.
- ♥ સંસદ સત્ર ચૂંટણીના કારણે ટૂંકા ગાળાનું હશે.
- ♥ નેત્રંગમાં ૨૦૦ ગેસ સિલિન્ડરની ચોરી.
- ♥ સૌરાષ્ટ્રના માર્કેટોમાં મગફળીની ધૂમ આવક, માર્કેટ યાર્ડના રસ્તાઓ જામ થયા.
- ♥ પાકિસ્તાનીઓ પાસેથી સરહદ પર ૧૪ કિલો હેરોઇન પકડાઇ.
- ♥ સૂરત રેલ્વેમાં મહિલાઓની છેડતી કરનારની ધોલાઇ કરાઇ.
- ♥ અન્ના હજારેની અરવિંદ કેજરીવાલને સલાહ ચૂંટણીમાં મારા નામનો ઉપયોગ ન કરો.
- ♥ મહેસાણામાં ચૌધરી સમાજ દ્વારા હત્યાના મામલે રેલી યોજાઇ.
- ♥ અમદાવાદ શાહઆલમ દાણીલીમડામાં વાહનો સળગાવવાના બનાવો ચયાવત.
- ♥ બાંગ્લાદેશમાં ગુરૂવાર સુધી બંધ લંબવાયો.
- ♥ મધ્યપ્રદેશમાં ડોકટરી પરીક્ષા કૌભાંડમાં ૩ વ્યક્તિઓની ધરપકડ કરાઇ.
- ♥ શેરડી ઉત્પાદક ખેડૂતોનું ઉત્તરપ્રદેશમાં આંદોલન પાછું ખેંચાયું, ઉત્તરપ્રદેશ સરકાર તેમના દરેક પ્રશ્નોનું સમાધાન કરશે.

મહારાણી એલિજાબેથ કરતા સોનિયા ગાંધી વધુ અમીર છે

નવી દિલ્હી,તા. ૨

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી વિશ્વમાં ૧૨મા સૌથી અમીર રાજકીય નેતા તરીકે ઉભરી આવ્યા છે. હફિંગ્ટન પોસ્ટ વર્લ્ડના અહેવામાં આ મુજબની વાત કરવામાં આવી છે.

આમા દાવો કરવામાં આવ્યો છે કે સોનિયા ગાંધી બ્રિટનના મહારાણી એલિજાબેથ - ૨ અને સિરિયાના પ્રમુખ બાસર અલ અસાદ કરતા પણ વધારે અમીર છે. આ યાદીમાં રશિયન પ્રમુખ વ્લાદી મીર પુતિન ૪૦ મિલિયન ડોલરની સંપત્તિ સાથે પ્રથમ સ્થાન પર છે જ્યારે થાઈલેન્ડના મહારાજ ભૂમોબોડ બીજા અને બ્રુનોઈના સુલ્તાન હસનાલ બોલકિયા ત્રીજા ક્રમાંક પર છે. ભારતીય કોંગ્રેસના નેતા

સોનિયા ગાંધીની સંપત્તિની પણ આમાં વાત કરવામાં આવી છે. વર્ષ ૨૦૦૯માં લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારી પત્ર દાખલ કરતીવેળા સોનિયા ગાંધીએ જાહેરાત કરી હતી કે તેમની પાસે ભારતમાં કોઈ પણ મકાન અથવા કાર નથી. ઈટાલીમાં પ્રાચીન આવાસ હોવાની વાત કરી હતી જેની કિંમત ૧૮.૦૨ લાખ રૂપિયાની જણાવાઈ હતી. એફિડેવિટ મુજબ સોનિયા ગાંધીની સંપત્તિ ૧.૩૮ કરોડ જેટલી આંકવામાં આવી હતી જે તેમના પુત્ર રાહુલ ગાંધી દ્વારા દર્શાવાયેલી સંપત્તિ કરતા એક કરોડ ઓછી છે. સોનિયા ગાંધીના એફિડેવિટમાં જણાવાયુ હતુ કે તેમની પાસે રોકડમાં ૭૫ હજાર રૂપિયા અને બેંક ડિપોઝિટ તરીકે ૨૮.૬૧ લાખ રૂપિયા છે. ૨૦ લાખની મ્યુચ્યુઅલ ફંડની રકમ છે જ્યારે રિઝર્વબેંક ઓફ ઈન્ડિયાના બોન્ડમાં ૧૨ લાખ રૂપિયા છે. સોનિયા ગાંધીની જ્વેલરી આશરે ૨.૫ કિલો છે જેની કિંમત ૧૧ લાખ છે. જ્યારે ૧૮ લાખની ચાંદી છે. ટોપ ૨૦ની યાદીમાં સાત મધ્યપૂર્વના દેશોના લોકો છે.

ચંદરપોલ ૧૧૦૦૦ રન પૂરા કરવા માટે સુસજ્જ

શિવનારાયણ ચંદ્રપોલ વધુ એક સિદ્ધિ મેળવવાની દિશામાં આગળ વધી રહ્યો છે. તેને ૧૧હજાર રન પૂરા કરવામાં ૩૭ રનની જરૂર છે. ગુયાનાના ક્રિકેટર ચંદ્રપોલ વિન્ડીઝ ક્રિકેટ ટીમ માટે વૈકલ્પિક રીતે કેપ્ટનશીપ પણ કરી ચૂક્યો છે. તે ૧૪ ટેસ્ટ મેચોમાં કેપ્ટન અને ૧૬ વન-ડે મેચોમાં કેપ્ટન તરીકેની ભૂમિકા અદા કરી ચૂક્યો છે. પોતાના અનઓર્થોડોક્સ બેટિંગ સ્ટાન્સના કારણે તે વધારે જાણીતો રહ્યો છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૨૦હજારથી વધુ રન બનાવી ચૂકેલા ચંદ્રપોલે વિન્ડીઝ તરફથી ઘણી યાદગાર ઈનિંગ્સો રમી છે. ૨૦૦૮માં તે ક્રિકેટર ઓફ ધ યર જાહેર થયેલા ખેલાડીઓ પૈકીના એખ તરીકે તે રહ્યો હતો. ચંદ્રપોલે ૧૯ વર્ષની વયે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એન્ટ્રી કરી હતી પરંતુ ત્રણ વર્ષના લાંબાગાળા બાદ પ્રથમ સદી ફટકારી હતી. કેરિયરની શરૂઆતમાં શ્રેણીબદ્ધ ઈજાઓમાં તે રહ્યો હતો. ચંદ્રપોલે ટેસ્ટ ક્રિકેટમાં ૧૫૦ટેસ્ટમાંહજુસુધી ૧૦૮૩૦ રન કર્યા છે.

હજુ સુધી વર્જિન જ હોવાનો સલમાને દાવો કરતા આશ્ચર્ય

મુંબઈ, તા. ૨

બોલિવુડ સ્ટાર સલમાન ખાને કરન જોહરના લોકપ્રિય ચેટ શો કોફી વિથ કરનમાં પોતાના અંગે કેટલીક રસપ્રદ અને રોમાંચક બાબતોનો ઉલ્લેખ કર્યો હતો. ફિલ્મ નિર્માતા અને નિર્દેશક કરન જોહરના ચેટ શો કોફી વિથ કરનમાં સલમાન ખાને પોતાના મનની કેટલીક બાબતોનો ઉલ્લેખ કર્યો હતો. કરન જોહરે પોતાના શો માટે આ વખતે સલમાન ખાનને બોલાવી લેવામાં સફળતા મેળવી હતી અને પ્રથમ એપિસોડ જ જોરદારરીતે સફળ રહ્યો હતો. સલમાને આ શોમાં એક એવા રાજની વાત કરી હતી જે હજુ સુધી રાજ જ રહ્યુ છે.

આનાથી તમામ લોકોને આશ્ચર્ય થયુ છે. સલમાને કરન સાથેની વાતચીતમાં ખુલાસો કર્યો હતો કે તે હજુ સુધી વર્જિન છે. સલમાને ઉમેર્યું હતુકે હજુ સુધી તેનું જે અભિનેત્રી સાથે નામ જોડાયુ છે તેની ખુબ સારી મિત્ર તરીકે હતી. પોતાની લાઈફ પાટનર માટે તે હજુ સુધી વર્જિન બનેલો છે. સલમાને કહેલુ કે જે જ્યારે પણ લગ્ન માટે ગંભીર હતો ત્યારે યુવતિ તરફથી ઉત્સાહ નબળો દેખાયો હતો. સલમાને ખુલાસો કરતા કહ્યુ હતુકે સંગીતા બિજલાની સાથે તેના લગ્ન નક્કી થઈ ચુક્યા હતા. લગ્નની તારીખ પણ નક્કી થઈ ચુકી હતી. લગ્નના ઈન્વિટેશન કાર્ડ પણ છપાઈ ચુક્યા હતા પરંતુ છેલ્લી ઘડીએ આ લગ્ન ટળી ગયા હતા. સલમાને એમ પણ કહ્યુ હતુકે એકલા રહેવામાં માને છે. સલમાન ખાનના આ નિવેદનથી તમામ લોકોને આશ્ચર્ય થયુ છે. ગર્લફ્રેન્ડો સાથે મિત્રતા હતી પરંતુ તે હજુ સુધી વર્જિન રહ્યો છે. સલમાન સાથે ભૂતકાળમાં કરન જોહરના પણ સંબંધ સારા નહતા. શાહરુખખાન સાથે કરન જોહરની નજીકની મિત્રતાના લીધે સલમાન ખાન તેનાથી ખૂબ દૂર રહેતો હતો. પ્રથમ એપિસોડને સારી સફળતા મળી છે.

૧૬ પ્લસ મામલે સુપ્રીમ સુનાવણી કરવા સહમત

સુપ્રીમ કોર્ટ ઘૃણાસ્પદ અને ગંભીર ગુનાઓમાં ૧૬ વર્ષથી ઉપરના કિશોરને પુખ્તવયના ગણવાની માંગ કરતી અરજી પર સુનાવણી ચલાવવા આજે સહમત થી હતી. જુએનાઈલ બોર્ડ દ્વારા ટ્રાયલ ચલાવવાની જરૂર છે કે કેમ તે મામલામાં નિર્ણય કરવા સુનાવણી ચલાવવામાં આવશે. જસ્ટિસ બીએસ ચૌહાણ અને જસ્ટિસ એસએ બોબડેની બનેલી બેંચે સુનાવણી કરવા તૈયારી દર્શાવી છે. અગાઉ વકીલ અમન હિન્ગોરાનીએ કોર્ટમાં કહ્યુ હતુ કે ધારાની કલમ ૮૨ અને ૮૩ હેઠળ કેટલીક જોગવાઈઓ રહેલી છે. જેમાં ઘૃણાસ્પદ અપરાધીઓ સામે કઠોર કાર્યવાહીની જોગવાઈ છે. હિન્ગોરાનીએ કહ્યુ હતુ કે ગુનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને મેજિસ્ટ્રેટે આરોપીની માનસિક પરિપકવતા તરફ ધ્યાન આપવું જોઈએ. ૧૬મી ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે દિલ્હી ગેંગ રેપનો શિકાર થયેલી યુવતિના પિતા તરફથી ઉપસ્થિત થયેલા હિન્ગોરાનીએ આ મુજબની રજુઆત કરી હતી.